### વડોદરા પાલિકાની હલકી ગુણવત્તાની કામગીરી ખુલ્લી પડી

# વરસાદી વિરામ છતાં બિસ્માર રસ્તાઓથી પ્રજા પરેશાન

## ઉતાવળમાં કરાયેલું પેચવર્ક નિષ્ફળ જતાં તંત્ર બેકફૂટ પર : નિષ્ફળ ગયેલા કામોની તપાસ હાથ ધરાશે



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ સંસ્કારી નગરી વડોદરામાં ચોમાસા દરમિયાન રસ્તાઓની દુર્દશા અને બિસ્માર માર્ગોને કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને અંતરિયાળ વિસ્તારોમાં પડેલા ખાડા પૂરવા માટે મોટા પાયે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જોકે, પાલિકા તંત્ર દ્વારા કરવામાં આવેલું આ પેચવર્ક તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. પૂરણ કર્યાના ગણતરીના દિવસોમાં જ અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર ફરીથી મસમોટા ખાડા પડી જતાં સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં પાલિકા દ્વારા કરવામાં આવેલી આ કામગીરી એરંડિયું સમાન સાબિત થઈ રહી છે. ખાડા પૂરવા માટે વપરાયેલું મટિરિયલ ઉખડી જતાં રસ્તાઓ પર કાંકરીઓ વેખરાઈ ગઈ છે, જેના કારણે દ્વિચક્રી વાહનચાલકો સ્લિપ થઈ જવાનો અને અકસ્માત સર્જાવાનો ભય સતત સતાવી રહ્યો છે.

### કાઉન્સિલરના મા-બાપ જ ખાડામાં પટકાયા

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા હાથીખાના માર્કેટ પાસેની રામાપીરની ચાલી નજીકનો મુખ્ય માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે. આ રસ્તા પર પડેલા જીવલેણ ખાડાઓને કારણે ગત રાત્રે એક વૃદ્ધ દંપતિનો અકસ્માત સર્જાયો હતો. આ ઘટના બાદ તંત્રની કામગીરી પર અનેક સવાલો ઉભા થયા છે.મળતી માહિતી મુજબ, ગત રાત્રે આ દંપતિ બાઇક પર પસાર થઈ રહ્યું હતું ત્યારે રસ્તા પરના મોટા ખાડાઓને કારણે તેઓ પટકાયા હતા. સદનસીબે તેમને ગંભીર ઈજાઓ પહોંચી નહોતી. જોકે, તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ દંપતિ વોર્ડ નંબર-૭ ના મહિલા કાઉન્સિલર શ્વેતાબેન ઉત્તેકરના માતા-પિતા હતા.જ્યાં સામાન્ય નાગરિકોની અનેક રજૂઆતો બાદ પણ મહિનાઓ સુધી રસ્તાનું સમારકામ થતું નથી, ત્યાં આ ઘટનાની જાણ થતાં જ વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર હરકતમાં આવી ગયું હતું. બીજા જ દિવસે વહેલી સવારે વોર્ડ નંબર-૬ અને ૭ ના અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને યુદ્ધના ધોરણે પેચવર્કની કામગીરી શરૂ કરી દીધી હતી.સ્થાનિકોનો આક્ષેપ છે કે, પાલિકા માત્ર નેતાઓના સગા-સંબંધીઓ સાથે અકસ્માત થાય ત્યારે જ કેમ જાગે છે ? માત્ર ૧૫ દિવસ અગાઉ જ આ રોડનું રિપેરિંગ કરવામાં આવ્યું હતું, જેના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી પાલિકાએ વાહવાહી મેળવી હતી.

### અકસ્માત ટાળવા સામાજિક કાર્યકરે ઝાડની આળસ મુકી રાહદારીઓને સાવચેત કર્યા

# વડોદરાના BPC રોડ પર મસમોટો ભૂવો પડ્યો, નાગરિકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ શહેરમાં વહીવટી તંત્રની બેદરકારીના કારણે નાગરિકો માટે મુશ્કેલીઓ દિન-પ્રતિદિન વધી રહી છે. તાજેતરમાં શહેરના વ્યસ્ત ગણાતા BPC રોડ પર આવેલી નવજીવન હોસ્પિટલ પાસે મુખ્ય માર્ગ પર જ એક મસમોટો ભૂવો પડવાની ઘટના સામે આવી છે. રસ્તા વચ્ચે પડેલા આ જોખમી ભૂવાને કારણે વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનો મોટો ભય ઊભો થયો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પર સતત વાહનોની અવરજવર રહેતી હોય છે, અને રાત્રિના સમયે અંધારામાં આ ભૂવો નજરે ન પડવાને કારણે કોઈ મોટો જાનહાનીનો બનાવ બનવાની પૂરેપૂરી શક્યતા હતી. તંત્ર દ્વારા કોઈ જ બેરિકેડ કે ચેતવણીના સાઈનબોર્ડ લગાવવામાં આવ્યા ન હતા. આ ગંભીર સ્થિતિને પારખીને કોઈ નિર્દોષ વાહનચાલક અકસ્માતનો ભોગ ન બને, તે માટે શહેરના જાગૃત સામાજિક કાર્યકર વિઠ્ઠલ આયરે તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે કોઈ વાહનચાલક અકસ્માતનો ભોગ ન બને તે માટે પોતાની સૂઝબૂઝ વાપરીને ભૂવામાં ઝાડની ડાળીઓ મૂકીને વાહનચાલકોને દૂરથી જ સાવચેત કર્યા હતા, જેથી અકસ્માત ટાળી શકાય. સામાજિક કાર્યકર વિઠ્ઠલ આયરે દ્વારા આ બેજવાબદાર વલણ બદલ સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓનું તાત્કાલિક ધ્યાન દોરવામાં આવ્યું છે. સાથે જ, નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ ભૂવાને વહેલી તકે પૂરવામાં આવે અને યુદ્ધના ધોરણે મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી છે. તંત્રની આ લાપરવાહી સામે શહેરીજનોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.



### એક મહિનો વિત્યા બાદ પણ ભાઈલી પોલીસના હાથ ખાલી

# 'ગૂગલ પે'થી રૂપિયા મોકલ્યાનો દાવો કરી ઠગે ૧૪,૦૦૦ ચૂનો ચોંટાડ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ ભાઈલી વિસ્તારમાં ઓનલાઈન ટ્રાન્ઝેક્શનના નામે વેપારી સાથે હજારો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભાઈલી ખાતે દુકાન ધરાવતા તુષાર માળી નામના વેપારીને નિશાન બનાવીને એક શાતિર ઠગે ૧૪,૦૦૦ની ચપટીમાં ઠગાઈ આચરી હતી. આ ઘટનાને એક મહિનો વીતી જવા છતાં પોલીસ દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા આખરે પીડિત વેપારીએ સોશિયલ મીડિયાના માધ્યમથી ન્યાયની ગુહાર લગાવી છે. ઘટનાની વિગતો અનુસાર, બપોરના સમયે તુષાર માળીની દુકાને વેલી સોલંકી નામનો શખ્સ આવ્યો હતો. તેણે ખરીદી અથવા રોકડની જરૂરિયાત બતાવીને ગૂગલ પે મારફતે ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરવાનો દાવો કર્યો હતો. શાતિર ઠગે પોતાના મોબાઈલમાં પેમેન્ટ સફળ થયું હોવાનો ખોટો કે બનાવટી મેસેજ બતાવી વેપારીનો વિશ્વાસ જીતી લીધો હતો અને તેમની પાસેથી ૧૪,૦૦૦ની રોકડ રકમ મેળવીને ત્યાંથી રવાના થઈ ગયો હતો. ત્યારબાદ ખાતામાં રકમ જમા ન થતાં વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ મામલે પીડિત વેપારી તુષાર માળી દ્વારા ભાઈલી પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપીને કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જોકે, અત્યંત ચોંકાવનારી બાબત એ છે કે અરજી આપ્યાને આખો મહિનો વિતી ગયો હોવા છતાં સ્થાનિક પોલીસે આરોપી સામે કોઈ જ નક્કર કાર્યવાહી કરી નથી. પોલીસની આવી નિષ્ક્રિયતાના કારણે આરોપી હોસલાબુલંદ બન્યો હોય તેમ તાજેતરમાં જ તેણે અન્ય એક વેપારીને પણ આ જ મોડસ ઓપરેન્ડીથી ઓનલાઈન પેમેન્ટના નામે ઠગી લીધો હોવાની વિગતો સામે આવી છે. પોલીસ તંત્ર તરફથી કોઈ ઉકેલ ન મળતાં અને આરોપી ખુલ્લેઆમ અન્ય લોકોને પણ નિશાન બનાવી રહ્યો હોવાથી કંટાળેલા તુષાર માળીએ આખરે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ કર્યો છે. આ વીડિયોમાં તેમણે પોતાની સાથે થયેલી ઠગાઈની આપવીતી વર્ણવી છે અને આરોપી વેલી સોલંકી સામે કડકમાં કડક સજા થાય તથા પોતાના હકના નાણાં પરત મળે તેવી ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ માગણી કરી છે.

# લોખંડના પાઈપથી યુવક પર જીવલેણ હુમલો કરાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ વડોદરાના પ્રતાપનગરથી સોમાતળાવ તરફ જવાના રોડ પર વલ્લભ સ્ટીલની દુકાન પાસે પરિવાર સાથે મોપેડ પર પસાર થઈ રહેલા છૂટક મજૂર પર બે શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ સામે આવી છે. આરોપીઓએ મોપેડ રોકાવી મારા પિતા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કેમ કરી કહી ગાળો આપી મારામારી કરી હતી. ત્યારબાદ એક આરોપીએ લોખંડના પાઈપ વડે યુવકના બંને પગ અને હાથ પર ફટકા મારતાં ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઘાઘરેટીયા વિસ્તારમાં રહેતા ઈશ્વરસિંગ બલવિરસિંગ સીકલીગર (ઉં.વ. 35) પરિવાર સાથે રહે છે તેમણે નોધાવેલી ફરિયાદ મુજબ અને 16 ઓગસ્ટે તેઓ પત્ની અને બાળકો સાથે ખંડેરાવ માર્કેટ પાસે આવેલા ગુરુદ્વારા ખાતે લંગરના કાર્યક્રમમાં ગયા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બપોરે આશરે સવા ત્રણ વાગ્યે પરિવાર સાથે મોપેડ પર ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન વલ્લભ સ્ટીલની દુકાન પાસે મનુસિંગ જોહરસિંગ સીકલીગર નામનો શખ્સ મોપેડ લઈને તેમની આગળ આવી ઊભો રહ્યો હતો. તેણે 'મારા પિતા વિરુદ્ધ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કેમ કરી?' તેમ કહી ગાળો આપવાનું શરૂ કર્યું હતું.

### ક્રાઈમ બ્રાન્ચે ગેંગના 3 આરોપી અને સગીરને ઝડપી પાડ્યા

# ગુજસીટોક-ચોરીના આરોપીએ ભેગા મળી ગેંગ બનાવી, ૧૭ ઘરફોડ કરી



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ વડોદરા શહેરમાં છેલ્લા બે મહિનાથી રાત્રિના સમયે બંધ મકાનોને નિશાન બનાવી ઘરફોડ ચોરી કરતી ગેંગનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. સુરતમાં ગુજસીટોક તથા ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીઓએ સાગરીતો સાથે મળીને વડોદરામાં ચોરી કરવા ગેંગ બનાવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે ગેંગના ત્રણ આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલા એક સગીર કિશોરને ઝડપી પાડી સોના-ચાંદીના દાગીના, રોકડ, ઘડિયાળ, મોબાઈલ અને મોટરસાઈકલ સહિત રૂ.11.54 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. શહેરમાં વધતી ઘરફોડ ચોરીને પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ CCTV ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. પેટ્રોલિંગ દરમિયાન ગોલ્ડન ચોકડી પાસે બાતમી મળી હતી કે કરનલસિંગ ટાંક, રોહીતસિંગ ઉર્ફે મચ્છર બાવરી, બાદલસિંગ બાવરી તથા એક સગીર વડોદરામાં રાત્રિના સમયે ઘરફોડ ચોરી કરી રહ્યા છે અને ચોરીનો મુદ્દામાલ વેચવા દરજીપુરા એરફોર્સ સ્ટેશન સામેના ખુલ્લા મેદાનમાં જવાના છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ચારેયને ઝડપી લીધા હતા. પોલીસને જોઈ આરોપીઓ ભાગવા લાગ્યા હતા. તેમની પાસેથી ત્રણ મોબાઈલ, સોના-ચાંદીના દાગીના, ત્રણ કાંડા ઘડિયાળ અને રૂ.6,900 રોકડા મળી આવ્યા હતા. પૂછપરછમાં આરોપીઓએ મોટરસાઈકલ પર રાત્રે નીકળી બંધ મકાનો શોધી દરવાજાના તાળા અને નકુચા તોડી ચોરી કરતા હોવાની કબૂલાત કરી હતી. ચોરીના દાગીના ગિરવે મૂક્યા હોવાનું પણ બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન ગિરવે મૂકેલા સોના-ચાંદીના દાગીના તથા અન્ય વાહન મળી કુલ રૂ.11.54 લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. આરોપીઓની પૂછપરછ દરમિયાન જે.પી. રોડ, નંદેસરી, બાપોદ, છાણી, ફતેગંજ, સમા, ગોરવા, અકોટા અને કપુરાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા 17 અનડિટેક્ટ ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. આરોપીઓમાં રોહીત ઉર્ફે મચ્છર રાજુસિંગ માનસિંગ બાવરી (સીકલીગર), રહે. એક્તાનગર, આજવારોડ, વડોદરા, બાદલસિંગ ધનસિંગ માનસિંગ બાવરી (સીકલીગર), રહે. એક્તાનગર, આજવારોડ, વડોદરા, કરનલસિંગ જશપાલસિંગ માધુસિંગ ટાંક, રહે. 280 સ્વાદ ક્વાટર્સ, સંગમ, વડોદરા તથા કાયદાના સંઘર્ષમાં આવેલ એક સગીર કિશોરનો સમાવેશ થાય છે.

### વડોદરામાં તસ્કરો ત્રાસ યથાવત

# બે મકાનને નિશાન બનાવી રૂ.૨.૦૨ લાખની મતાની ચોરી

**વાઘોડિયા રોડ** પર તિજોરી-પેટીપલંગમાંથી દાગીના-રોકડ ઉઠાવી ગયા

**આજવા રોડ** પર ઘરનું લોખંડનું બારણું તોડી તસ્કરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ વડોદરા શહેરમાં યથાવત જોવા મળી રહ્યો છે ત્યારે ચોર હોય વાઘોડિયા રોડ તથા આજવા રોડ ઉપર વધુ બે મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા. ચોરો સોના-ચાંદીના દાગીના તથા રોકડ સહિત રૂ.2.02 લાખની માલમત્તા ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. કપુરાઈ અને બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે. વાઘોડિયા રોડ પર જલારામનગરમાં રહેતા મીનાબેન સંજયભાઈ આહીરના મકાનમાં તા.12 જુલાઈની રાત્રે 8થી તા.13 જુલાઈની સવારે 6 વાગ્યા દરમિયાન તસ્કરોએ મુખ્ય દરવાજાનો નકુચો કોઈ સાધન વડે તોડી ઘરમાં પ્રવેશ કરી બેઠકરૂમમાં રાખેલી લોખંડની તિજોરી તેમજ લાકડાના પેટીપલંગમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત આશરે રૂ.1.67 લાખની માલમત્તા ચોરી કરી હતી. આ અંગે ઓગસ્ટે રાત્રે 7.45 વાગ્યે ફરિયાદ નોંધાઈ હતી. જ્યારે બીજા બનાવમાં આજવા રોડ પર એકતાનગરમાં રહેતા 65 વર્ષીય બાનુબીબી મન્સુરીના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તા.14 ઓગસ્ટ બપોરે 12 વાગ્યાથી તા.16 ઓગસ્ટ સવારે સવા દસ વાગ્યા દરમિયાન અજાણ્યો તસ્કર ઘરના પાછળના રસોડાના લોખંડના દરવાજાનું તાળું અને નકુચો તોડી અંદર ઘૂસ્યો હતો. ત્યારબાદ બેડરૂમની તિજોરીમાં રાખેલી આશરે 2.9 ગ્રામ વજનની સોનાની કાનની એરિંગ, કિંમત રૂ.30 હજાર તથા રોકડા રૂ.5 હજાર મળી રૂ.35 હજારની માલમત્તા ચોરી કરી હતી. બાપોદ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ આર.એન. પ્રસાદે તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરા છાપરી ચોરો ચોરીને અંજામ આપીને પોલીસના નાઈટ પેટ્રોલિંગને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે.

### સામાજિક ન્યાય વિભાગને રજૂઆત કરી તાત્કાલિક ઉદ્ઘાટનની તારીખ જાહેર કરવા માંગ

# સંકલ્પભૂમિ સ્મારકનું કામ પૂર્ણ છતાં લોકાર્પણ અટકતા વિવાદ, 'સંવિધાન બચાવો સમિતિ' મેદાને

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ સંસ્કારી નગરી વડોદરા સ્થિત ઐતિહાસિક સંકલ્પભૂમિ ખાતે નિર્માણ પામેલા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્મારકના લોકાર્પણને લઈને વિવાદ સામે આવ્યો છે. આ સ્મારકનું નિર્માણ કાર્ય લાંબા સમયથી પૂર્ણતાના આરે હોવા છતાં, તેનું સત્તાવાર લોકાર્પણ કરવામાં ન આવતાં હવે સામાજિક સંગઠનો અને અનુયાયીઓમાં ભારે રોષ અને સવાલો ઉભા થઈ રહ્યા છે.

આ મામલે 'સંવિધાન બચાવો સમિતિ, વડોદરા' દ્વારા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સચિવને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે. સમિતિએ સ્મારકની વર્તમાન સ્થિતિ અંગે સ્પષ્ટતા કરવાની સાથે લોકાર્પણની ચોક્કસ તારીખ તાત્કાલિક જાહેર કરવાની કડક માંગ કરી છે.

રજૂઆતમાં સમિતિએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, સંકલ્પભૂમિ માત્ર કોઈ સરકારી ઈમારત કે સામાન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ નથી, પરંતુ તે ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનસંઘર્ષ, સામાજિક ન્યાય અને શોષિત-વંચિત સમાજના ઉત્થાનના ઐતિહાસિક સંકલ્પ સાથે જોડાયેલું એક પવિત્ર અને પ્રેરણાદાયી સ્થળ છે. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા આ સ્મારકના ભવ્ય નિર્માણ પાછળ કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. કામગીરી આખરી તબક્કામાં હોવા છતાં અને વર્ષોનો સમય વીતી ગયો હોવા છતાં પણ સ્મારકને જનતા માટે ખુલ્લું ન મૂકાતાં ડૉ. બાબાસાહેબના દેશ-વિદેશમાં પથરાયેલા લાખો અનુયાયીઓમાં ભારે નિરાશા અને નારાજગી વ્યાપી છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ સરકારના ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓ દ્વારા આ સ્મારકની મુલાકાત લઈને કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. સ્મારકનું તમામ કામકાજ લોકાર્પણ માટે સજ્જ હોવા છતાં તંત્ર કે સરકાર દ્વારા ઉદ્ઘાટન માટે વિલંબ કેમ કરવામાં આવી રહ્યો છે તે અંગે આશંકાઓ સેવાઈ રહી છે. સમિતિએ ચીમકી આપી છે કે જો સરકાર દ્વારા સ્મારકનું વહેલામાં વહેલી તકે લોકાર્પણ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ મુદ્દે વધુ વિરોધ કાર્યક્રમો યોજવામાં આવી શકે છે.

### રોકડ રકમ અને મોબાઈલ સહિત રૂ.૪૧૩૫૦નો મુદ્દામાલ કબજે

# વડોદરામાં પોલીસે બે અલગ અલગ જગ્યા પર રેડ કરીને જુગાર રમતા ૮ ઝડપી પાડયા

જુગારીયાની અંગ જડતી તથા દાવ પર લાગેલી રકમ જપ્ત કરાઇ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ વડોદરા શહેરમાં બે અલગ-અલગ જગ્યા પર ચાલતા જુગાર ઉપર પોલીસે રેડ કરીને આઠ ઈસમોને ઝડપી પાડ્યા હતા. બંને કેસમાં રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત રૂ.41,350નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. પદમલા ગામના વણકર વાસ ફળિયામાં જુગાર રમાતો હોવાની માહિતીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી પલક ઠાકોરભાઈ વણકર (ઉં.26), નરેશભાઈ ભલાભાઈ પરમાર (ઉં.26), રાકેશ ઈશ્વરભાઈ ગોહિલ (ઉં.24) અને કીરણભાઈ રયજીભાઈ પઢિયાર (ઉં.34)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમની અંગઝડતીમાંથી રૂ.3,520 અને જમીન દાવના રૂ.4,450 મળી રૂ.7,970 રોકડા તેમજ બે મોબાઈલ ફોન, કિંમત રૂ.10 હજાર મળી રૂ.17,970નો મુદ્દામાલ કબજે થયો હતો.

બીજા બનાવમાં પાણીગેટ વિસ્તારમાં જય અંબે ફળિયા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા સુનિલ અભયસિંગ પરમાર (ઉં.30), વિશાલ રમણભાઈ ઠાકોર (ઉં.27), હરીશભાઈ પુનમભાઈ પરમાર (ઉં.30) અને શકેશભાઈ સંજયભાઈ પોટે (મરાઠી) ને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેમની પાસેથી અંગઝડતીના રૂ.9,280, જમીન દાવના રૂ.4,100, બે મોબાઈલ ફોન રૂ.10 હજાર અને પત્તા-પાના મળી રૂ.23,380નો મુદ્દામાલ કબજે કરાયો હતો. બંને બનાવમાં પોલીસે જુગારધારા કલમ-12 હેઠળ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

### હિતેશ ગુપ્તા, પત્ની અને જુનિયર એડવોકેટ સામેની કાર્યવાહી અંગે અસાધારણ જનરલ બોડી મીટિંગ

# વકીલો સામેની FIR મુદ્દે હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશન મેદાનમાં

વડોદરા, બોડેલી અને અમદાવાદ સહિત વિવિધ બાર એસોસિએશનો દ્વારા પણ સમર્થન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ વડોદરા કોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરતા એડવોકેટ હિતેશ લલિતભાઈ ગુપ્તા, તેમના વકીલ પત્ની શુભ્રા હિતેશભાઈ ગુપ્તા અને એક જુનિયર એડવોકેટ સામે છોટાઉદેપુરના સંખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIRના મુદ્દે ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આ મામલે એસોસિએશનની અસાધારણ જનરલ બોડી બેઠક બોલાવી યોગ્ય ઠરાવ પસાર કરવાની માંગ કરવામાં આવી છે. એસોસિએશન સમક્ષ કરવામાં આવેલી રજૂઆત મુજબ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા પોલીસ સ્ટેશનમાં હેઠળ નોંધાયેલી FIRમાં સિનિયર એડવોકેટ હિતેશભાઈ ગુપ્તા તેમની પત્ની અને જુનિયર વકીલ વિરુદ્ધ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

રજૂઆતકર્તાઓએ FIRને ખોટી અને બનાવટી ગણાવી આ મામલો માત્ર વ્યક્તિગત વિવાદ પૂરતો સીમિત ન હોવાનું જણાવ્યું છે. કાનૂની વ્યવસાયની સ્વતંત્રતા અને વકીલોને નિર્ભયતાથી વ્યાવસાયિક ફરજો બજાવવાનો અધિકાર જળવાઈ રહે તે જરૂરી હોવાનું પણ રજૂ કરવામાં આવ્યું છે. ઠરાવના પ્રસ્તાવમાં એસોસિએશન દ્વારા હિતેશ ગુપ્તા, તેમની પત્ની અને જુનિયર એડવોકેટ સાથે એકતા વ્યક્ત કરવાની વાત છે. સાથે જ વકીલો સામેની કોઈપણ કાર્યવાહી કાયદેસર પ્રક્રિયા, નિષ્પક્ષતા અને કાનૂની વ્યવસાયની ગરિમા તથા સ્વતંત્રતાને ધ્યાનમાં રાખીને થવી જોઈએ તેવી માંગ કરવામાં આવી છે.

એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે પ્રસ્તાવિત ઠરાવનો હેતુ કોઈ કાયદેસરની તપાસ કે ન્યાયિક કાર્યવાહીમાં દખલ કરવાનો કે આરોપોની ગુણવત્તા અંગે નિર્ણય આપવાનો નથી. ઉદ્દેશ્ય માત્ર વકીલો સામે મનસ્વી, અપ્રમાણસર અથવા બદલાની ભાવનાથી કાર્યવાહી ન થાય તેની ખાતરી કરવાનો છે. વડોદરા, બોડેલી અને અમદાવાદ સહિત વિવિધ બાર એસોસિએશનો દ્વારા પણ સમર્થન વ્યક્ત કરાયું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

# નવાયાર્ડના યુવકે ફિનાઈલ પી લેતા દોડધામ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ શહેરના છાણી જકાત નાકા વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય યુવકે જાતે જ ફિનાઈલ પી લેતા ખળભળાટ મચી ગયો છે. યુવકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે શહેરની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સમયસર સારવાર મળી જવાથી તેનો જીવ બચી ગયો છે અને હાલ તે ભાનમાં હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજીવનગર, છાણી જકાત નાકા ખાતે રહેતા ચિન્ટુભાઈ મધુકાંતભાઈ મકવાણા ઉંમર વર્ષ ૩૨. ગત રોજ નવાયાર્ડ વિસ્તારમાં આવેલા શ્રીનગર સોસાયટી, ટી.પી. ૧૩ ખાતે ગયા હતા. ત્યાં અગમ્ય કારણોસર કે કોઈક આવેશમાં આવીને તેઓએ પોતાની મેળે જ ફિનાઈલ પી લીધું હતું. ફિનાઈલ પીધા બાદ તબિયત બગડતા આસપાસના લોકો તાત્કાલિક હરકતમાં આવ્યા હતા.

### વૃદ્ધને સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડાયા

# એક્ટિવા આગળ એકાએક કૂતરું આવતા અકસ્માત

**આસપાસના** લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ શહેરના કારેલીબાગ વિસ્તારમાં રહેતા ગૌતમભાઈ કમલભાઈ રાવલ, ઉંમર વર્ષ ૬૩, ગત રોજ એક અકસ્માતનો ભોગ બનતા સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, તેઓ ગઈકાલે બહુચરાજી રોડ પાસેથી પોતાના એક્ટિવા વાહન પર સવાર થઈને પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક રસ્તા વચ્ચે એકાએક કૂતરું આવી જતાં વાહન પરનો કાબૂ અચાનક ગુમાવી બેઠા હતા, જેના કારણે અકસ્માત સર્જાતા તેઓ રસ્તા પર નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને શરીર પર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને તેમને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ સયાજી હોસ્પિટલના તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે. સંતોષજનક બાબત એ છે કે તેઓ હાલ સંપૂર્ણપણે ભાનમાં છે.

### એલસીબી ઝોન -૧ની ટીમે રેડ કરી

# કોયલીમાં રહેણાક મકાનમાંથી ગાંજાનુ વેચાણ કરતા કેરીયરની ધરપકડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ વડોદરા શહેરમાં માદક પદાર્થોની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ સામે પોલીસ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન એલસીબી ઝોન-01ની ટીમે કોયલી ગામમાંથી ગાંજાનો જથ્થો ઝડપી એક શખ્સની ધરપકડ કરી છે. પોલીસે આરોપીના રહેણાંક મકાનમાંથી 93.76 ગ્રામ ગાંજો મળી રૂ.4,688ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ કમિશનર તથા ઝોન-01ના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી ઝોન-01ની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન રજવાડા ત્રણ રસ્તા પાસે, કોયલી ગામ ખાતે પોલીસને બાતમી મળી હતી કે ઠાકોરભાઈ મહીજીભાઈ માળી નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં ગાંજો સંતાડી રાખી છૂટક વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસે જવાહરનગર પોલીસ સ્ટેશન ખાતે જરૂરી કાર્યવાહી કરી એનડીપીએસ કાયદાની જોગવાઈ મુજબ રેઈડની તૈયારી કરી હતી. ત્યારબાદ કોયલી ગામના માળી મહોલ્લા, આશાપુરી મંદિર પાસે આવેલા આરોપીના રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન ઠાકોરભાઈ મહીજીભાઈ માળી (ઉં.વ. 52) હાજર મળી આવ્યો હતો. તેના કબજાના મકાનમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો 93.76 ગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાંજા ઉપરાંત જથ્થો ભરવા માટે ઉપયોગમાં લેવાયેલી પ્લાસ્ટિકની ખાલી થેલી પણ કબજે કરી હતી. પોલીસે ગાંજાનો જથ્થો તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.4,688ની મત્તા કબજે કરી આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટની કલમ 8(c) તથા 20(b)(ii)(A) મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંજો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેના વેચાણમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે કેમ તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સર્પદંશની ઘટના બનતા પરિવારજનોમાં દોડધામ

# કરજણ તાલુકાના સીમાલી ગામે આધેડને સાપે દંશ માર્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮ કરજણ તાલુકાના સીમાલી ગામના નવી નગરી વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય હરીશભાઈ મહાદેવ વસાવાને સર્પદંશ બાદ સમયસરની સારવાર મળવાથી નવજીવન મળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, હરીશભાઈને તેમના ઘર પાસે જમણા પગમાં અચાનક એક ઝેરી સાપે દંશ દીધો હતો. ઘટના બાદ પરિવારજનોએ સહેજ પણ ગભરાયા વગર તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને જાણ કરી હતી. ૧૦૮ ની ટીમ દ્વારા સમયસૂચકતા દાખવીને દર્દીને ત્વરિત વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ પહોંચતા જ તબીબોએ તાત્કાલિક ધોરણે એન્ટિ-વેનમ સારવાર શરૂ કરી દીધી હતી, જેના પરિણામે ઝેરની અસર સમયસર અટકી ગઈ હતી. હાલ હરીશભાઈ સંપૂર્ણપણે ભાનમાં છે અને તબીબોની દેખરેખ હેઠળ તેમની તબિયતમાં સતત સુધારો થઈ રહ્યો છે.

સયાજી હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા અનુસાર, સર્પદંશના કેસોમાં દર્દીને યોગ્ય સમયે હોસ્પિટલ પહોંચાડવામાં આવે તો જીવનું જોખમ ટાળી શકાય છે, અને આ કિસ્સામાં ૧૦૮ સેવા તથા હોસ્પિટલની સમયસરની સારવાર ખૂબ જ કારગત સાબિત થઈ છે. ઉલ્લેખનીય છે કે વર્ષા ઋતુમાં શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ઝેરી જીવજંતુઓ બહાર નીકળતા હોય છે.